Sunday
08.02.2026
✳Volume :10 ✳Issue No.211
✳Email.: kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત     વંદે માતરમ્

RNI No.:GUJGUJ/2016/73451

# કમલમ્

KAMALAM     ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક     Daily

✳Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

# કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહ, તેમના જમ્મુ પ્રવાસના બીજા દિવસે ભારત-પાકિસ્તાન સરહદ પર સ્થિત 'ગુરનામ' અને 'બોબિયા' BOPs ની મુલાકાત લીધી

## શ્રી અમિત શાહે સરહદના પ્રહરીઓ માટે આશરે ૨૫૦ કરોડના કલ્યાણકારી પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો



કેન્દ્રીય ગૃહ મંત્રીએ 'અજય પ્રહારી' સ્મારક પર શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી





BSFના બહાદુરી અને પરાક્રમથી ભરેલા ઈતિહાસે દેશના લોકોમાં કર્તવ્યની ભાવના અને દેશભક્તિ જાગૃત કરી છે





### BSF ની સ્થાપનાનું ૬૧મું વર્ષ દળના આધુનિકીકરણ અને તેના જવાનો અને તેમના પરિવારોના કલ્યાણ માટે સમર્પિત કરવામાં આવશે

મણિપુરના મુશ્કેલ ભૂપ્રદેશમાં હોય કે ઓડિશા અને છત્તીસગઢના માઓવાદી પ્રભાવિત વિસ્તારોમાં હોય, BSF એ દરેક જગ્યાએ અદમ્ય સાહસનો પરિચય આપ્યો છે. તેમણે કુદરતી આફતો દરમિયાન, ખાસ કરીને પંજાબમાં દળની ઉત્કૃષ્ટ માનવીય સેવાની પ્રશંસા કરી હતી. શ્રી શાહે કહ્યું કે પંજાબના મુખ્યમંત્રીએ તેમને જાણ કરી હતી કે BSF વિના, પૂર દરમિયાનના પડકારો અનેકગણા વધી ગયા હોત. BSF એ પંજાબના લોકોની અમૂલ્ય સેવા કરી અને કટોકટી દરમિયાન વ્યાપક સહાય પૂરી પાડી હતી. કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહે કહ્યું કે રાષ્ટ્રની સરહદો સંપૂર્ણ સુરક્ષિત અને જાગ્રત રહે તે સુનિશ્ચિત કરવું એ સહિયારી જવાબદારી છે. તેમણે નોંધ્યું કે છેલ્લા ૬૦ વર્ષમાં સરહદ સંબંધિત પડકારો આવશે. તેમણે ઉમેર્યું કે ગૃહ મંત્રાલય (MHA) માં એક સમર્પિત ટીમ બંને મોરચે સતત કામ કરી રહી છે. શ્રી અમિત શાહે કહ્યું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારત સરકાર સુરક્ષા કર્મચારીઓના કલ્યાણ માટે સંપૂર્ણ પ્રતિબદ્ધ છે. તેમણે જાહેરાત કરી કે ટૂંક સમયમાં BSF કર્મચારીઓ માટે વિશેષ કલ્યાણ યોજના રજૂ કરવામાં આવશે. તદુપરાંત, સરકાર સમગ્ર સરહદ સુરક્ષા પ્રણાલીને ટેકનોલોજીકલ રીતે આધુનિક બનાવવા માટે નોંધપાત્ર ભંડોળનું રોકાણ કરશે. આ આધુનિકીકરણ BSF કર્મચારીઓ માટે બહેતર બોર્ડર ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને અદ્યતન સાધનો પૂરા પાડશે, જે તેમને તેમની ફરજો વધુ અસરકારક રીતે નિભાવવામાં સક્ષમ બનાવશે. શ્રી શાહે કહ્યું કે આ સુવિધાઓ સૈનિકો

## ગૃહ મંત્રીએ સરહદની સુરક્ષામાં BSF ની મહિલા કર્મચારીઓના નોંધપાત્ર યોગદાનની પ્રશંસા કરી અને જવાનો સાથે લંચ પણ લીધું

કમલમ્,

કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે તેમના જમ્મુ પ્રવાસના બીજા દિવસે ભારત-પાકિસ્તાન સરહદ પર સ્થિત બોર્ડર આઉટ પોસ્ટ્સ (BOPs) 'ગુરનામ' અને 'બોબિયા' ની મુલાકાત લીધી હતી. ગૃહ મંત્રીએ "અજય પ્રહારી" સ્મારક પર શહીદોને પુષ્પાંજલિ અર્પણ કરી હતી અને બોબિયા બોર્ડર આઉટપોસ્ટ પર એક રોપાનું વાવેતર પણ કર્યું હતું. શ્રી શાહે સૈનિકોના કલ્યાણ માટે ૭ કરોડના પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કર્યું હતું, જેમાં નવા બનેલા સોલર વોટર હીટર, સોલર પાવર પ્લાન્ટ્સ અને ઓફિસર્સ મેસનો સમાવેશ થાય છે. તેમણે ૨૪૨ કરોડના BSF ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ પણ કર્યો હતો. આ કાર્યક્રમમાં જમ્મુ અને કાશ્મીરના ઉપરાજ્યપાલ શ્રી મનોજ સિન્હા, કેન્દ્રીય ગૃહ સચિવ, ઈન્ટેલિજન્સ બ્યુરો (IB) ના ડિરેક્ટર, બોર્ડર સિક્યુરિટી ફોર્સના ડિરેક્ટર જનરલ અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા હતા. BSF કર્મચારીઓને સંબોધિત કરતા શ્રી અમિત શાહે કહ્યું કે જ્યારે પણ તેઓ કચ્છ, રાજસ્થાન અથવા જમ્મુ અને કાશ્મીરના અંતરિયાળ અને પડકારજનક વિસ્તારોમાં સ્થિત BSF ચોકીઓની મુલાકાત લે છે, ત્યારે તેઓ હંમેશા ત્યાં તૈનાત સૈનિકો પાસેથી કર્તવ્ય પ્રત્યેની જાગૃતિ અને અતૂટ પ્રતિબદ્ધતાના મૂલ્યો લઈને પાછા ફરે છે. તેમણે કહ્યું કે આવી મુલાકાતો દરમિયાન, તેઓ સાક્ષી બને છે કે કેવી રીતે BSF કર્મચારીઓ મુશ્કેલ અને પડકારજનક પરિસ્થિતિઓમાં ઊંડા સમર્પણ સાથે તેમની ફરજો બજાવે છે.

ગૃહ મંત્રીએ BSF કર્મચારીઓને શિસ્ત અને સમર્પણના ઉત્તમ ઉદાહરણ તરીકે વર્ણવ્યા હતા, જેઓ રાષ્ટ્રની સરહદોની સુરક્ષા માટે દિવસ-રાત અડગ ઉભા રહે છે. તેમણે ઉમેર્યું હતું કે BSF ના ભવ્ય ૬૦ વર્ષના ઈતિહાસે દેશના લોકોમાં આવી જ શિસ્તની ભાવના જગાડી છે. કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહે કહ્યું કે જ્યારે પણ રાષ્ટ્રની સરહદો પર અતિક્રમણ અથવા ઘૂસણખોરીનો ખતરો ઉભો થયો છે, ત્યારે BSF દેશની સુરક્ષા માટે તેની પ્રતિબદ્ધતામાં અડગ રહીને એક અભેદ્ય દીવાલની જેમ ઉભું રહ્યું છે. તેમણે જણાવ્યું હતું કે 'ઓપરેશન સિંદૂર' દરમિયાન BSF દ્વારા પ્રદર્શિત બહાદુરી અને પરાક્રમે તેના છ દાયકા લાંબા ઈતિહાસમાં એક સુવર્ણ પ્રકરણ ઉમેર્યું છે. અત્યંત પડકારજનક સમયમાં પણ, BSF કર્મચારીઓએ "અમે સરહદના પ્રહરી છીએ" ની ભાવના જાળવી રાખી હતી. તેમણે કહ્યું કે BSF ના જમ્મુ અને કાશ્મીર ફ્રન્ટિયરે ૧૧૮ પાકિસ્તાની ચોકીઓ અને ત્રણ આતંકવાદી લોન્ચ પેડ્સનો સંપૂર્ણ નાશ કર્યો હતો. આ ઓપરેશનમાં, સબ-ઈન્સ્પેક્ટર મોહમ્મદ ઈમ્તિયાઝ અહેમદ અને કોન્સ્ટેબલ દીપક ચિંગાખમ, જેમણે ફરજ દરમિયાન પોતાના પ્રાણ ન્યોછાવર કર્યા હતા, તેમને વીર ચક્રથી નવાજવામાં આવ્યા હતા, જે આપણા માટે ખૂબ જ ગર્વની બાબત છે. શ્રી શાહે એમ પણ કહ્યું કે આ સમયગાળા દરમિયાન BSF ને ૧૬ શૌર્ય પદકો અને અનેક પ્રશસ્તિ પત્રો પણ મળ્યા છે. શ્રી અમિત શાહે કહ્યું કે સરહદો પર તૈનાત હોય, નોંધપાત્ર રીતે બદલાયા છે. જ્યારે કર્મચારીઓનું સાહસ, સતર્કતા અને સમર્પણ નિર્ણાયક રહે છે, ત્યારે ઘણા ઉભરતા પડકારો હવે ટેકનોલોજી આધારિત છે. તેથી, તેમને અસરકારક રીતે સંબોધવા માટે અદ્યતન તકનીકી ઉકેલો અપનાવવા આવશ્યક છે. તેમણે યાદ કર્યું કે BSF ના સ્થાપના દિવસની ઉજવણી દરમિયાન, તેમણે જાહેરાત કરી હતી કે BSF નું ૬૧ મું વર્ષ આધુનિકીકરણ, તેમજ BSF કર્મચારીઓ અને તેમના પરિવારોના કલ્યાણ માટે સમર્પિત કરવામાં દ્વારા સામનો કરવામાં આવતી મુશ્કેલીઓમાં નોંધપાત્ર ઘટાડો કરશે અને તેમની કામગીરીની ક્ષમતામાં વધારો કરશે. તેમણે ઉમેર્યું હતું કે સરહદો પર તૈનાત BSF કર્મચારીઓની કર્તવ્યનિષ્ઠા, સમર્પણ અને પ્રતિબદ્ધતાને કારણે જ સમગ્ર રાષ્ટ્ર શાંતિથી ઊંઘે છે અને સુરક્ષિત અનુભવે છે. ગૃહ મંત્રીએ સરહદ સુરક્ષામાં BSF માં મહિલા કર્મચારીઓના નોંધપાત્ર યોગદાનની પણ પ્રશંસા કરી હતી. બાદમાં તેમણે સૈનિકો સાથે લંચ લીધું હતું.

# વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા અને માર્ગદર્શનથી આદ્યશક્તિ ધામ અંબાજીનું હોલિસ્ટિક અને ફ્યુચરિસ્ટિક ડેવલપમેન્ટ થઈ રહ્યુ છે: મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

## અંબાજીમાં મુખ્ય મંદિર, ગબ્બર અને માનસરોવરને જોડતા 'શક્તિ કોરીડોર'ના નિર્માણના પ્રથમ તબક્કાના રૂ. ૯૫૦ કરોડના વિવિધ કામોનું મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ખાતમુહૂર્ત કર્યું











### :: મુખ્યમંત્રીશ્રી ::

- આગામી ૨૫ વર્ષની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને અંબાજીનો વિઝનરી માસ્ટર પ્લાન તૈયાર કર્યો છે.
- વડાપ્રધાનશ્રીએ પવિત્ર તીર્થક્ષેત્ર સોમનાથ સ્વાભિમાન પર્વથી લઈને દેશના યાત્રાધામોનું નવિનીકરણ 'વિકાસ ભી વિરાસત ભી'ના મંત્રથી સાકાર કર્યું છે.
- અંબાજી-તારંગા-રેલ પ્રોજેક્ટથી સરળ કનેક્ટીવિટી અને સ્થાનિક આર્થિક વિકાસને વેગ મળશે

### પ્રથમ તબક્કામાં નિર્માણ થશે મલ્ટી લેવલ પાર્કિંગ - અંડરપાસ રોડ - યાત્રી નિવાસ – પાથવે – શક્તિપથ - શક્તિ કોરીડોર - એમ્ફી થિયેટર સહિતની બહુવિધ સુવિધાઓ

કમલમ્,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આદ્યશક્તિ ધામ અંબાજીમાં કુલ ૧,૬૩૨ કરોડના અંદાજિત ખર્ચે નિર્માણ થનારા અંબાજી કોરિડોરના પ્રથમ તબક્કાના રૂ. ૯૫૦ કરોડના વિવિધ વિકાસ કામોના ખાતમુહૂર્ત સંપન્ન કર્યા હતા. આગામી ૨૫ વર્ષોની યાત્રિક સુવિધાઓને ધ્યાનમાં રાખીને અંબાજીમાં 'શક્તિ કોરીડોર' માટે રૂ.૧,૬૩૨ કરોડનો વિઝનરી માસ્ટર પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. મુખ્યમંત્રીશ્રીએ અંબાજી કોરિડોરના આ પ્રથમ તબક્કાના જે કામોના ખાતમુહૂર્ત કર્યા છે, તેનાથી આવનારા દિવસોમાં યાત્રિકોને મલ્ટી લેવલ પાર્કિંગ, અન્ડરપાસ રોડ, યાત્રી નિવાસ પાથવે, દિવ્ય દર્શન ચોક, શક્તિપીઠ, એમ્ફી થિયેટર અને લાઈટ એન્ડ સાઉન્ડ શો સહિતની બહુવિધ ટુરિસ્ટ એમેનિટીઝ મળશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ ગૌરવશાળી સમારોહના અધ્યક્ષ સ્થાનેથી સ્પષ્ટપણે જણાવ્યું કે, આદ્યશક્તિના પરમ ઉપાસક વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા અને માર્ગદર્શનમાં આદ્યશકિતપીઠ અંબાજીનું હોલિસ્ટિક અને ફ્યુચરિસ્ટિક ડેવલપમેન્ટ થઈ રહ્યું છે. મુખ્યમંત્રીશ્રી સાથે આ બહુવિધ વિકાસકામોના ખાતમુહૂર્ત પ્રસંગે રાજ્યમંત્રી મંડળના મંત્રીશ્રીઓ સવશ્રી પ્રવીણભાઈ માળી, ડૉ. જયરામભાઈ ગામીત, કમલેશભાઈ પટેલ, સ્વરૂપજી ઠાકોર અને બનાસકાંઠા જિલ્લાના ધારાસભ્યો, પદાધિકારીઓ પણ સહભાગી થયા હતા. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ અવસરે કહ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આદ્યશક્તિની આરાધના અને સોમનાથ સ્વાભિમાન પર્વથી લઈને દેશના યાત્રાધામોના નવિનીકરણના કામો 'વિકાસ ભી વિરાસત ભી'ના મંત્ર સાથે હાથ ધર્યા છે. કાશી વિશ્વનાથ કોરિડોર, મહાકાલ લોક, કેદારનાથ અને વૈજનાથ ધામ જેવા પવિત્ર સ્થળોના વિકાસને નવી ઓળખ મળી છે. અયોધ્યામાં ભવ્ય રામ મંદિરનું નિર્માણ અને પાવાગઢમાં પાંચસો વર્ષ બાદ ધ્વજારોહણ જેવી ઐતિહાસિક ઘટનાઓ પણ તેમના નેતૃત્વમાં પાર પડી છે. મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે, ૫૧ શક્તિપીઠોમાં વિશિષ્ટ સ્થાન ધરાવતા અંબાજી ધામના વિકાસ માટેનું વડાપ્રધાનશ્રીનું વિઝન સાકાર થઈ રહ્યું છે. દર વર્ષે ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવનું સફળ આયોજન કરવામાં આવે છે, તેમાં લાખો શ્રદ્ધાળુઓ માતાજીના દર્શનનો લાભ લે છે. તાજેતરમાં યોજાયેલા પરિક્રમા મહોત્સવમાં પાંચ લાખથી વધુ ભક્તોએ ભાગ લીધો હતો તેનો તેમણે ઉલ્લેખ કર્યો હતો. યાત્રાધામોના વિકાસને પ્રવાસન સાથે જોડતા વડાપ્રધાનશ્રીના અભિગમને અનુસરીને અંબાજીમાં ગબ્બર ખાતે દેશનો સૌથી મોટો લાઈટ એન્ડ સાઉન્ડ શો શરૂ કરવામાં આવ્યો છે તેમજ પરિક્રમા પથ અને સાંસ્કૃતિક વિલેજ જેવા પ્રકલ્પોથી યાત્રિકોને નવી સુવિધાઓ મળી રહી છે તેમ તેમણે ઉમેર્યુ હતું. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં અંબાજી-તારંગા રેલ પ્રોજેક્ટથી આ વિસ્તારની કનેક્ટિવિટી મજબૂત બનશે. તેના પરિણામે યાત્રાળુઓની સુવિધા વધશે અને સ્થાનિક આર્થિક વિકાસને ગતિ મળશે. ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા રાજ્યના વિવિધ યાત્રાધામોમાં અત્યાર સુધીમાં કરોડોના વિકાસકાર્યો પૂર્ણ કરવામાં આવ્યા છે અને આવનારા સમયમાં વધુ વિકાસ કામોનું આયોજન કરવામાં આવ્યું છે તેમ તેમણે ઉમેર્યુ હતું. આ પ્રસંગે મંત્રી શ્રી પ્રવીણભાઈ માળીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પવિત્ર યાત્રાધામોના પુનરુદ્ધાર અને વિકાસ માટે જે બીડું ઝડપ્યું છે, તેને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ મક્કમતાથી આગળ ધપાવી રહ્યા છે. તેમણે જણાવ્યું કે, આસ્થા, સંસ્કૃતિ અને શક્તિનો જ્યાં ત્રિવેણી સંગમ રચાય છે તેવા અંબાજી ધામના સર્વાંગી વિકાસ માટે રાજ્ય સરકાર સંપૂર્ણ કટિબદ્ધ છે. સરકારનું આ આયોજન એટલું ભવ્ય અને દૂરંદેશી છે કે અંબાજીની આ નૂતન વિકાસયાત્રાને આવનારી પેઢીઓ યુગો સુધી યાદ રાખશે. મંત્રીશ્રી જયરામભાઈ ગામીતે જણાવ્યું કે, અંબાજી શક્તિપીઠ ખાતે દર વર્ષે ભાદરવી પૂનમના મહા મેળા દરમિયાન લાખોની સંખ્યામાં માઈભક્તો દર્શનાર્થે આવે છે. શ્રદ્ધાળુઓની આ અટલ આસ્થાને ધ્યાનમાં રાખીને સરકાર દ્વારા રૂ. ૧૬૩૨ કરોડના મેગા કોરીડોર પ્રોજેક્ટ થકી અંબાજીની કાયાપલટ કરવામાં આવશે. આ ઐતિહાસિક વિકાસ કાર્યોથી શ્રદ્ધાળુઓને અત્યાધુનિક સુવિધાઓ તો પ્રાપ્ત થશે જ, સાથે-સાથે સ્થાનિક સ્તરે નવીન રોજગારીની વિપુલ તકોનું પણ સર્જન થશે, જે બનાસકાંઠા જિલ્લાના આર્થિક વિકાસને નવી ગતિ આપશે. આ કાર્યક્રમમાં પ્રવાસન સચિવશ્રી કુલદીપ આર્યા, યાત્રાધામ બોર્ડના સભ્ય સચિવશ્રી રમેશ મેરઝા, જિલ્લા કલેકટરશ્રી મિહિર પટેલ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી એમ.જે.દવે, અંબાજી સરપંચશ્રી સહિત વિવિધ અધિકારીશ્રીઓ, પદાધિકારીઓ અને બહોળી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

## તંત્રી સ્થાનેથી......

વલસાડ જિલ્લાના નાનાપોંઢા તાલુકામાં આવેલા પાનસ ડુંગરી ખાતે જિલ્લા આયુર્વેદ અધિકારીશ્રી ઉર્વીબેન પટેલના માર્ગદર્શન હેઠળ વન ઔષધી પરિચય શિબિરનું આયોજન જિલ્લાના તમામ હોમિયોપેથીક અને આયુર્વેદિક મેડિકલ ઓફિસર માટે કરવામાં આવ્યું હતું. હવા ખાવાના સ્થળ તરીકે જાણીતા અને સહ્યાદ્રિ પર્વતમાળાની વચ્ચે સ્થિત નાનાપોંઢા તાલુકાના પાનસ ડુંગરી ગામ ડુંગરાળ અને જંગલ વિસ્તારથી ઘેરાયેલુ છે. લગભગ ૫૬ હેક્ટરમાં ફેલાયેલું આ સ્થળ વન ઔષધી પ્રેમીઓ માટે ખૂબ મહત્વનું છે. અહીં ૫૦૦ થી વધુ જુદી જુદી જગ્યાએથી લાવવામાં આવેલી દેશી અને વિદેશી ઔષધીઓ રોપવામાં આવેલી છે. આ ઉપરાંત અહીં જંગલ વિસ્તારમાં દુર્લભ ઔષધીઓ પણ મળી આવે છે. વહેલી સવારે સૌ કોઈ પાનસ ડુંગરીની તળેટી પાસે પહોંચી ગયા હતા, જ્યાં સૌએ પ્રાકૃતિક પીણાનો આસ્વાદ માણી ઔષધીનો પરિચય લેતા લેતા પાનસડુંગરી પર ચઢવાની શરૂઆત કરી હતી. સૌ કોઈ રસ્તામાં આવતી તમામ ઔષધીય વનસ્પતિઓની ઓળખ અને તેના ઉપયોગ વિશે માહિતી લેતા લેતા ઉપર પહોંચ્યા હતા. જ્યાં રસ્તામાંથી સંગ્રહ કરેલી ઔષધીઓ પર વાર્તાલાપ કરી અને સૌએ પોતાનું જ્ઞાનવર્ધન કર્યું હતું. વન ઔષધીઓના પરિચયમાં અર્જુન, ગરમાળો, બેહડા, કાંચનાર, અરીઠા, ઉંબરો, નગોડ, જળજમની, કદંબ, અપામાર્ગ, સિંદુરી પારિજાત, પીપળો, બોર, દરોઈ, ગુલાબ, મત્સ્યાક્ષી, બાવળ, પિત્ત ભૃંગરાજ, વિદારીકંદ, શતાવરી, ચણોઠી, સહદેવી, શિવલિંગી, કોકીલાક્ષ, સારીવા અને ડોડી વગેરે જેવી વનસ્પતિઓનો ઔષધીય પરિચય મેળવ્યો હતો. પાનસ ડુંગરી પર પહોંચીને સૌએ ઘર જેવા સાત્વિક ભોજનનો આનંદ માણ્યો હતો. ત્યારબાદ ફરીથી થોડું વન ભ્રમણ કરી અન્ય ઔષધીઓ વિશે જાણકારી લીધી હતી સાથે જ વોચ ટાવર ઉપરથી સમગ્ર વનનો સુંદર દુર્લભ નજારો અને સહ્યાદ્રીની પર્વતમાળાઓ જોઈ હતી. સાથે જ જંગલમાં જોવા મળતા વન્ય પ્રાણી અજગર અને શાહુડીના રહેઠાણ જોવા મળ્યા હતા જ્યાં તેના દુર્લભ પીછા અને કંટક પણ જોવા મળ્યા હતા. કાર્યક્રમના અંતે વન ઔષધી સંવર્ધનની શપથ લેવામાં આવી હતી.

# ભૂપેન્દ્ર દાદાએ બનાસકાંઠાની દીકરીને આપેલું વચન પાળ્યું

## 'જે કહેવું તે કરવું'નો વડાપ્રધાનશ્રીનો આપેલો કાર્યમંત્ર મુખ્યમંત્રીશ્રીએ સાકાર કર્યો





- દીકરી સામ્યાની એક લાગણીપ અને મુખ્યમંત્રી શ્રીનું એક વચનઃ બનાસકાંઠામાં સાકાર થયો સહજ સંવાદ
- "દાદા, તમે આવશો ને?" — દીકરી સામ્યાની લાગણીને મુખ્યમંત્રી શ્રીએ આપ્યું માન
- વિડીયો સંવાદમાં આપેલા વચનથી શાળા મુલાકાત સુધીઃ સામ્યા અને મુખ્યમંત્રીશ્રીનો લાગણીસભર સહજ સંવાદ
- ભણીને કલેક્ટર બનજે" — મુખ્યમંત્રીશ્રીના આશીર્વાદ
- આજે મારું અને મારી સ્કૂલનું સપનું પૂરું થયુંઃ સામ્યા પ્રજાપતિ





કમલમ્,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ પોતાની વડીલસહજ વાત્સલ્યતા અને માનવીય સંવેદનશીલતાનો પરિચય અવારનવાર આપતા રહ્યા છે. તેમનો આવો જ એક લાગણીસભર પ્રસંગ બનાસકાંઠા જિલ્લાના પી.એમ.શ્રી ઉત્તમપુરા (ડાંગીયા) અનુપમ પ્રાથમિક શાળામાં જોવા મળ્યો. તા. ૨૮/૦૪/૨૦૨૫ના રોજ યોજાયેલા એક વીડિયો સંવાદ દરમિયાન ધોરણ–૧માં અભ્યાસ કરતી દીકરી સામ્યા પ્રજાપતિએ સહજતા સાથે મુખ્યમંત્રીશ્રીને પૂછ્યું હતું, "દાદા, તમે અમારી સ્કૂલમાં ક્યારે આવશો?" આ નિર્દોષ પ્રશ્ન પર મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે વડીલસહજ લાગણીસભર જવાબ આપતાં કહ્યું હતું, "હું જ્યારે ત્યાં આવીશ ત્યારે ચોક્કસ તને મળવા આવીશ." મુખ્યમંત્રીશ્રીએ ત્યારે કહેલી આ વાત તેઓના મનમાં હતી અને એટલે જ તેમણે બનાસકાંઠામાં યોજાનારા કાર્યક્રમમાં આ દીકરીના ગામની શાળાની મુલાકાત અવશ્ય ગોઠવવા જણાવ્યું હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલનો અંબાજી કોરીડોરના ખાતમુહૂર્ત પ્રસંગે બનાસકાંઠાના પ્રવાસ કાર્યક્રમ હતો. મુખ્યમંત્રીશ્રીએ આ કાર્યક્રમમાં જતા પહેલા ઉત્તમપુરા-ડાંગીયા ગામની સ્કૂલની મુલાકાત લેવાનું આયોજન કર્યું. મુખ્યમંત્રીશ્રીએ દીકરી સામ્યાની લાગણીને માન આપી, અગાઉ આપેલા વચનને પૂર્ણ કરવા પી.એમ.શ્રી ઉત્તમપુરા (ડાંગીયા) અનુપમ પ્રાથમિક શાળાની રૂબરૂ મુલાકાત લીધી. મુખ્યમંત્રીશ્રીએ શાળાના વિદ્યાર્થીઓ સાથે આત્મીય અને સહજ સંવાદ સાધી તેમના અભ્યાસ, શાળા પરિસર અને શિક્ષણવ્યવસ્થાની માહિતી મેળવી. આ પ્રસંગે દીકરી સામ્યાએ પોતાની લાગણી વ્યક્ત કરતાં કહ્યું કે, "મેં દાદાને કહ્યું હતું કે તમે અમને મળવા આવશો નેપ દાદાએ વાત યાદ રાખી અને આજે મારું અને મારી સ્કૂલનું સપનું પૂરું કર્યું." સામ્યાએ મુખ્યમંત્રીશ્રી સામે શ્લોક પાઠ કર્યા, તેનો પ્રતિસાદ આપતા મુખ્યમંત્રીશ્રીએ દીકરીને આશીર્વાદ આપતાં કહ્યું, "તું ભણીને મોટી થઈને કલેક્ટર બનજે અને પછી મને મળવા આવજે." દીકરી સામ્યાએ પણ દ્રઢ વિશ્વાસ સાથે દાદાને વચન આપ્યું કે, "હું મોટી થઈને તમને ચોક્કસ મળવા આવીશ." મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની આ સહજતા અને માનવીય સંવેદનશીલતાથી શાળા પરિવાર તેમજ રાજ્યભરના એસ.એમ.સી. સભ્યોમાં પણ વિશેષ આનંદની લાગણી પ્રસરી ગઈ. આ ભાવનાત્મક પ્રસંગે વન અને પર્યાવરણ મંત્રી શ્રી પ્રવીણભાઈ માળી, શાળાના શિક્ષકો, વિદ્યાર્થીઓ તેમજ સ્થાનિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલીમાં IVF ટેકનોલોજી દ્વારા રાજયની પ્રથમ ગીર વાછરડીનો સફળ જન્મ: પશુપાલન મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી

## અમરેલી એમ્બ્રિયો ટ્રાન્સફર લેબોરેટરી ખાતે ઉપલબ્ધ વધુ ૩૦ રેસિપિયન્ટ પશુઓમાં પણ IVFથી થશે ભ્રૂણ પ્રત્યારોપણ


કમલમ્,

ગુજરાતના પશુપાલન અને ડેરી ઉદ્યોગના ઇતિહાસમાં એક સુવર્ણ પ્રકરણ આલેખાયું છે. અમરેલી ખાતે સ્થિત ગુજરાત પશુધન વિકાસ બોર્ડ (GLDB) હસ્તકની એમ્બ્રિયો ટ્રાન્સફર લેબોરેટરી ખાતે ઇન-વિટ્રો ફર્ટિલાઈઝેશન (IVF) જેવી અત્યંત આધુનિક પદ્ધતિથી રાજ્યમાં પ્રથમવાર ગીર ઓલાદની વાછરડીનો સફળ જન્મ થયો છે. આ સિદ્ધિ માત્ર એક પ્રયોગ નહીં, પરંતુ ગુજરાતના પશુપાલકો માટે આર્થિક સમૃદ્ધિના નવા દ્વાર ખોલનારી એક વૈજ્ઞાનિક ક્રાંતિ છે. ગુજરાતના પશુપાલકોને પશુ સંવર્ધનની આ આધુનિક ટેકનોલોજીનો વ્યાપક લાભ મળી રહે તે હેતુથી, રાજ્યના ગૌરવ સમાન ગીર ગાયના બ્રીડિંગ ટ્રેક્ટ વિસ્તારમાં આવતા વિવિધ જિલ્લાઓ પૈકી અમરેલી ખાતે ગુજરાત પશુધન વિકાસ બોર્ડ દ્વારા આધુનિક સુવિધાઓથી સજ્જ એમ્બ્રિયો ટ્રાન્સફર લેબોરેટરીની સ્થાપના કરવામાં આવી હતી. આ સંદર્ભે પશુપાલન મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, અમરેલીના વરુડી ખાતે સ્થિત આ લેબોરેટરીમાં નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ (NDDB) ના તકનીકી (Technical) સહયોગથી ગત વર્ષે પ્રાથમિક તબક્કામાં કુલ ૧૩ રેસિપિયન્ટ પશુઓમાં IVF ટેક્નોલોજી દ્વારા ભ્રૂણ પ્રત્યારોપણની કામગીરી શરૂ કરવામાં આવી હતી. આ પ્રોજેક્ટની સૌથી વિશેષ બાબત એ છે કે, આધુનિક ભ્રૂણ પ્રત્યારોપણ પદ્ધતિ દ્વારા તાજેતરમાં જ કાંકરેજ ઓલાદની રેસિપિયન્ટ (ભાડૂતી) ગાયના ગર્ભમાંથી શુદ્ધ ગીર ઓલાદની વાછરડીનો જન્મ થયો છે. આ પ્રક્રિયામાં ઉચ્ચ આનુવંશિક ક્ષમતા ધરાવતી ગીર ગાયના ભ્રૂણનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, જેના પરિણામે જન્મેલું બચ્ચું પણ ડોનર પશુ જેવા જ ઉત્તમ ગુણો ધરાવે છે. ગુજરાતના પશુપાલન વિભાગની આ સફળતાને વેગ આપવા માટે આગામી સમયમાં અમરેલી ખાતે સ્થિત એમ્બ્રિયો ટ્રાન્સફર લેબોરેટરી ખાતે ઉપલબ્ધ વધુ ૩૦ જેટલા રેસિપિયન્ટ પશુઓમાં ભ્રૂણ પ્રત્યારોપણની કામગીરી હાથ ધરવામાં આવશે. આ પ્રયાસોથી રાજ્યમાં ગીર ગાયના સંવર્ધનને એક નવી દિશા મળશે અને ગુજરાત શ્વેત ક્રાંતિમાં ફરી એકવાર અગ્રેસર બનશે.

**IVF અને એમ્બ્રિયો ટ્રાન્સફર કેમ પશુપાલકો માટે વરદાન છે?**

સામાન્ય રીતે ઉચ્ચ આનુવંશિક ક્ષમતા ધરાવતા માદા પશુઓ કુદરતી રીતે સમગ્ર જીવનકાળ દરમિયાન માત્ર ૭ થી ૮ જેટલા બચ્ચાઓને જન્મ આપે છે, પરંતુ IVF જેવી અદ્યતન ટેક્નોલોજીએ આ મર્યાદાને તોડીને પ્રક્રિયાને અનેકગણી ઝડપી બનાવી છે.

IVF પદ્ધતિમાં ઉચ્ચ ગુણવત્તાવાળા પશુઓને ડોનર પશુ તરીકે પસંદ કરીને અંડકોષ મેળવવામાં આવે છે અને લેબોરેટરીમાં તેનું ફલન કરવામાં આવે છે. ફલન બાદ તૈયાર થયેલા એમ્બ્રિયોને (ભ્રૂણને) ઓછી અથવા સામાન્ય ઉત્પાદકતા ધરાવતી 'રેસિપિયન્ટ' (સરોગેટ) ગાયમાં પ્રત્યારોપિત કરવામાં આવે છે. આ IVF ટેકનોલોજી દ્વારા જન્મ લેતા બચ્ચાઓ પણ ડોનર પશુ જેવા ઉત્તમ આનુવંશિક લક્ષણો ધરાવતા હોય છે. આથી, ઉચ્ચ આનુવંશિક ક્ષમતા ધરાવતા પશુમાંથી સમગ્ર જીવનકાળ દરમિયાન માત્ર ૭ બચ્ચાના સ્થાને ૧૦૦ જેટલા ગુણવત્તાવાળા બચ્ચાઓ પ્રાપ્ત કરી શકાય છે. આ પદ્ધતિના વ્યાપક ઉપયોગથી રાજ્યમાં ઉચ્ચ ગુણવત્તા ધરાવતા પશુઓની સંખ્યામાં વધારો થશે, જેના પરિણામે રાજ્યની દૂધ ઉત્પાદન ક્ષમતામાં પણ નોંધપાત્ર વધારો થશે, જે સીધી રીતે પશુપાલકોની આર્થિક સ્થિતિ મજબૂત કરશે.



કમલમ્,

કડાણા તાલુકાના મુનપુર ખાતે મુનપુર તાલુકા સદસ્યશ્રી પાંડોર સોમીબેન હરેશભાઈ ના નિવાસ સ્થાને ધારાસભ્યશ્રી ડો. કુબેરભાઈ ડીંડોરે કાર્યકર્તાઓ સાથે શુભેચ્છા મુલાકાત લીધી. આ તકે કડાણા તાલુકા મંડળ પ્રમુખશ્રી પર્વતભાઈ ડામોર, મહામંત્રીશ્રીઓ, કડાણા તાલુકા પંચાયત પ્રમુખશ્રીમતિ મંગુબેન માલીવાડ, તાલુકા પંચાયત ઉપપ્રમુખશ્રી બિપીનભાઈ પંચાલ, પૂર્વ તાલુકા પંચાયત પ્રમુખશ્રી કમલેશભાઈ પાદરીયા, પાર્ટીના વડીલશ્રી મુળજીભાઈ પાટીદાર, સરપંચશ્રીઓ, પૂર્વ મહામંત્રીશ્રી, કાર્યકર્તાઓ અને ગામજનો હાજર રહ્યાં હતાં.



કમલમ્,

માર્ગ અને મકાન વિભાગ, સંતરામપુર હસ્તકની ૧૨૩–સંતરામપુર વિધાનસભા વિસ્તાર અંતર્ગત કડાણા તાલુકામાં સમાવિષ્ટ અંધારી ચોકડી ( તાલુકા સદસ્યશ્રી ના ઘરની બાજુમાં) વાઈડનીંગ એન્ડ સ્ટ્રેન્ધનીંગ ઓફ સંતરામપુર - કડાણા - ડુંગરપુર રસ્તાના વિકાસ કાર્યનું અંદાજિત રૂ. ૨૨૩૨.૩૧ લાખના ખર્ચે ભુમિપુજન ધારાસભ્યશ્રી ડો.કુબેરભાઈ ડીંડોર ના વરદ હસ્તે કરવામાં આવ્યું. આ વિકાસ કાર્યથી વિસ્તારના નાગરિકોને સુગમ વાહનવ્યવહાર તથા સર્વાંગી વિકાસમાં મહત્વપૂર્ણ વેગ મળશે. આ તકે કડાણા તાલુકા મંડળ પ્રમુખશ્રી પર્વતભાઈ ડામોર, મહામંત્રીશ્રીઓ, કડાણા તાલુકા પંચાયત પ્રમુખશ્રીમતિ મંગુબેન માલીવાડ, તાલુકા પંચાયત ઉપપ્રમુખશ્રી બિપીનભાઈ પંચાલ, પૂર્વ તાલુકા પંચાયત પ્રમુખશ્રી કમલેશભાઈ પાદરીયા, પાર્ટીના વડીલશ્રી મુળજીભાઈ પાટીદાર, સરપંચશ્રીઓ, પૂર્વ મહામંત્રીશ્રી, કાર્યકર્તાઓ અને ગામજનો હાજર રહ્યાં હતાં.



કમલમ્,



માર્ગ અને મકાન વિભાગ, સંતરામપુર હસ્તકની ૧૨૩–સંતરામપુર વિધાનસભા વિસ્તાર અંતર્ગત કડાણા તાલુકામાં સમાવિષ્ટ મુનપુર મહાદેવ મંદિર થી નદી સુધી રસ્તાના વિકાસ કાર્યનું અંદાજિત રૂ. ૭૩.૫૦ લાખના ખર્ચે ભુમિપુજન ધારાસભ્યશ્રી ડો. કુબેરભાઈ ડીંડોર ના વરદ હસ્તે કરવામાં આવ્યું. આ વિકાસ કાર્યથી વિસ્તારના નાગરિકોને સુગમ વાહનવ્યવહાર તથા સર્વાંગી વિકાસમાં મહત્વપૂર્ણ વેગ મળશે. આ તકે કડાણા તાલુકા મંડળ પ્રમુખશ્રી પર્વતભાઈ ડામોર, મહામંત્રીશ્રીઓ, કડાણા તાલુકા પંચાયત પ્રમુખશ્રીમતિ મંગુબેન માલીવાડ, તાલુકા પંચાયત ઉપપ્રમુખશ્રી બિપીનભાઈ પંચાલ, પૂર્વ તાલુકા પંચાયત પ્રમુખશ્રી કમલેશભાઈ પાદરીયા, પાર્ટીના વડીલશ્રી મુળજીભાઈ પાટીદાર, સરપંચશ્રીઓ, પૂર્વ મહામંત્રીશ્રી, કાર્યકર્તાઓ અને ગામજનો હાજર રહ્યાં હતાં.

# પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની પ્રકૃતિના સંવર્ધન અને સંરક્ષણની દૂરંદેશીતાએ છારીઢંઢ જળપ્લાવિત વિસ્તારને વૈશ્વિક ઓળખ અપાવી

## વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુન મોઢવાડિયાએ ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલને છારીઢાંઢને મળેલું વૈશ્વિક રામસર સાઇટનુ પ્રમાણપત્ર વિધિવત અર્પણ કર્યું

કમલમ્, ગાંધીનગર

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની પ્રકૃતિના સંવર્ધન અને સંરક્ષણની દૂરંદેશીતાના પરિણામે કચ્છના છારીઢાંઢ જળપ્લાવિત વિસ્તારને વૈશ્વિક સ્તરે મહત્વ ધરાવતા જળપ્લાવિત વિસ્તારોમાં (રામસર સાઈટ) સ્થાન મળ્યું છે. છારીઢાંઢ વેટલેન્ડ કન્ઝર્વેશન રિઝર્વને ૩૧ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ સત્તાવાર રીતે 'રામસર સાઈટ' (આંતરરાષ્ટ્રીય મહત્વનું ધરાવતો જળપ્લાવિત વિસ્તાર) તરીકે જાહેર કરવામાં આવ્યું અને એ સાથે જ ભારતની જળપ્લાવિત વિસ્તારોનાં સંરક્ષણની યાત્રામાં નવું છોગુ ઉમેરાયું. આજરોજ વન વિભાગ તરફથી વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુન મોઢવાડિયાએ ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલને મળીને છારીઢાંઢને મળેલા વૈશ્વિક રામસર સાઈટનાં પ્રમાણપત્રને વિધિવત રીતે અર્પણ કર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ આ સિદ્ધિ બદલ મંત્રીશ્રી અને સમગ્ર વન વિભાગની ટીમને અભિનંદન પાઠવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે છારીઢાંઢ ગુજરાતનું પાંચમુ અને કચ્છનું પ્રથમ આંતરરાષ્ટ્રીય મહત્વ ધરાવતા જળપ્લાવિત વિસ્તાર તરીકે 'રામસર' સાઈટનું પ્રમાણપત્ર મળ્યું છે. છારીઢાંઢ રણ અને ઘાસનાં મેદાનોની વચ્ચે આવેલો જળપ્લાવિત વિસ્તાર છે, જ્યાં દર વર્ષે હજારો પ્રવાસી પક્ષીઓ આવે છે. તેમાં વૈશ્વિક સ્તરે મહત્વ ધરાવતા ગ્રે હાયપોકોલિયસ (Hypocolius ampelinus) પક્ષીનો સમાવેશ થાય છે. અહીં મહત્વની વાત નોંધવી રહી કે, વર્ષ ૨૦૦૮માં, જ્યારે શ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા, ત્યારે વન્યજીવ સંરક્ષણ અધિનિયમ,

**છારીઢાંઢનાં જળપ્લાવિત વિસ્તારને જોવા માટે બાવનથી વધુ દેશોના વિદેશી પ્રવાસીઓની અત્રેની નિયમિત મુલાકાત**

૧૯૭૨ની જોગવાઈઓ હેઠળ છારીઢાંઢને ગુજરાતનું પ્રથમ કન્ઝર્વેશન રિઝર્વ જાહેર કરવામાં આવ્યું હતું અને તેના સરંક્ષણ માટે જરૂરી તમામ પગલાઓ લેવામાં આવ્યા અને આજે તેના ફળસ્વરૂપે, છારીઢાંઢને વૈશ્વિક ઓળખ મળી. છારીઢાંઢ વિશ્વભરના પક્ષીપ્રેમીઓ અને સંશોધકો માટે પસંદગીનું સ્થળ બની ગયું છે. વિવિધ દેશોનાં પ્રવાસીઓને ભારતમાં લાવવા માટે કામ કરતા ટૂર ઓપરેટર્સ અને પક્ષિવિજ્ઞાનીઓનાં જણાવ્યા મુજબ, છારીઢાંઢમાં આવતા કુલ પ્રવાસીઓમાં ૮૦ ટકાથી વધુ પ્રવાસીઓ વિદેશથી આવે છે. વિદેશથી આવતા પ્રવાસીઓમાં મુખ્યત્વે અમેરિકા, ઈંગ્લેન્ડ, અને ઓસ્ટ્રેલિયા તથા ફિનલેન્ડ, હોલેન્ડ, નેધરલેન્ડ જેવાં નોર્ડિક દેશોનાં પ્રવાસીઓનો સમાવેશ થાય છે. અત્યાર સુધી બાવન (૫૨)થી વધુ દેશોનાં પ્રવાસીઓ છારીઢાંઢની મુલાકાત લઈ ચુક્યા છે અને આ દેશોમાંથી નિયમીતરીતે આ વિસ્તારની જૈવવિવિધતા જોવા માટે અહીં આવે છે.

**છારીઢાંઢનું પર્યાવરણીય મહત્વ**

છારીઢાંઢનો જળપ્લાવિત વિસ્તાર પક્ષી નિરીક્ષકો માટે મહત્વનું સ્થળ છે. કેમ કે, અહીંયા એક સાથે બે લાખથી વધુ પક્ષીઓ જોવા મળી જાય છે અને ૧૮૭થી વધુ પ્રજાતિનાં પક્ષીઓ અહીં નોંધાયા છે. ખાસ કરીને એક જ સ્થળે ૪૦,૦૦૦થી વધુ કુંજ (કોમન ક્રેન) પક્ષીઓ જોવા મળે છે. છારીઢાંઢની આસપાસ કુલ ૨૮૩ પ્રજાતિનાં પક્ષીઓ નોંધાયા છે, જેમાં ૧૧ વૈશ્વિક સ્તરે જોખમગ્રસ્ત અને ૯ 'નિયર થ્રેટન્ડ' પ્રજાતિનાં પક્ષીઓનો સમાવેશ થાય છે, જે તેના ઊંચા સંરક્ષણ મૂલ્યને દર્શાવે છે.

**સરકાર દ્વારા લેવામાં આવેલા વન્ય જીવોના સંરક્ષણ માટેના પગલા**

જૈવિક સમૃદ્ધિને ધ્યાનમાં રાખીને ગુજરાત સરકારે ઓગસ્ટ ૨૦૦૮માં છારીઢાંઢને કન્ઝર્વેશન રિઝર્વ તરીકે જાહેર કર્યું હતું રાજ્યનું આ પ્રથમ કન્ઝર્વેશન રિઝર્વ હતું. આજે છારીઢાંઢ કચ્છ જિલ્લામાં સર્વાધિક પક્ષી વૈવિધ્ય ધરાવતું સ્થળ છે, જ્યાં ૧૮૭ પ્રજાતિનાં પક્ષીઓ જોવા મળ્યાં છે. જે રાજ્યની કુલ પક્ષી વૈવિધ્યતાના ૩૫ ટકાથી વધુનું પ્રતિનિધિત્વ કરે છે. માત્ર એપ્રિલ ૨૦૨૫માં જ આશરે ૫૦૦થી ૬૦૦ ગ્રે હાયપોકોલિયસ પક્ષીઓ અહીં જોવા મળ્યા હતા. છારીઢાંઢ જળપ્લાવિત વિસ્તાર ૨૨,૭૦૦ હેક્ટર વિસ્તારમાં ફેલાયેલું છે અને તે ૧૨ ગામોને આરી લે છે.

**આ કારણોથી છારીઢાંઢને 'રામસર સાઇટ' તરીકે પસંદ કરવામાં આવ્યું**

કોઈપણ જળપ્લાવિત વિસ્તારને રામસર સાઈટનો દરજ્જો મેળવવતા માટે તેનાં કેટલાક માપદંડોમાંથી પસાર થવું પડે છે. રામસર સાઈટ બનવા માટે જળપ્લાવિત ક્ષેત્રે આંતરરાષ્ટ્રીય સ્તરે નિર્ધારિત નવ માપદંડોમાંથી ઓછામાં ઓછો એક માપદંડ પૂર્ણ કરવો જરૂરી હોય છે. આ માપદંડોને બે મુખ્ય શ્રેણીમાં વહેંચવામાં આવ્યા છે— પ્રતિનિધિત્વ કરતા, દુર્લભ અથવા અનોખા જળપ્લાવિત પ્રકારો અને જૈવ વિવિધતા આધારિત માપદંડો. છારીઢાંઢે તેના દુર્લભ જળપ્લાવિત વિસ્તાર, ઊંચી જૈવ વિવિધતા અને સેન્ટ્રલ એશિયન ફ્લાયવે પર પ્રવાસી પક્ષીઓ માટે મહત્વપૂર્ણ નિવાસસ્થાન હોવાને કારણે રામસર સાઈટનાં માપદંડો પૂર્ણ કર્યા છે. ગ્રે હાયપોકોલિયસ (Hypocolius ampelinus) જેવા દુર્લભ અને વૈશ્વિક સ્તરે મહત્વ ધરાવતા શિયાળુ પ્રવાસી પક્ષીઓ માટે છારીઢાંઢ આંતરરાષ્ટ્રીય સ્તરે જાણીતું છે, સાથે જ અનેક અન્ય જોખમગ્રસ્ત અને સ્થાનિક રીતે મહત્વપૂર્ણ જાતિઓ પણ અહીં જોવા મળે છે.

